નોબત સંગત

માણસનો સ્વભાવ અને ખરાબ આદતો પરિવારની ખુશીઓ હણી લે છે...

કિલ્લોલ કરતા ઘરમાં, આજે સાંજના સમયે દર્શન એકલો જ બેઠો હતો, એ ઓફિસેથી નીકળી ઘર તરફ આવ્યો ત્યારે ખુશખુશાલ હતો. આજે કામ પણ સારું થયું હતું.એણે રસ્તામાંથી પૌત્ર માટે એક બે વસ્તુ પણ લીધી એ જ વિચારે કે આ જોઇને છોટુ કેવો રાજી થઇ જશે. એ જેવો લિફ્ટમાંથી બહાર આવ્યો અને બારણે તાળું જોયું અને એક ક્ષણ તો આંખ ભીંજાઇ ગઇ. એણે ખિસ્સામાં થી ઘરની ચાવી કાઢી અને એક ક્ષણ થંભી ભારે હૈયે બારણું ખોલ્યું. એ ભૂલી ગયો હતો કે એના બાળકો અને પત્ની એને છોડી જુદા રહેવા ગયા છે.બારણું ખોલતા જ દ્રશ્ય તો સામે આવ્યું જ - પૌત્ર છોટુ દોડી ને આવે અને દાદા આવી ગયા કહી વળગી પડતો.આજે એ ન થયું અને એ સ્મિત વિલાઇ ગયું. લાવેલી વસ્તુઓ ભારે હૈયે પૌત્રના પલંગ પર મૂકી અને ચોધાર આંસુએ રોવા લાગ્યો. એ કપડાં બદલી ફ્રેશ થઇ રોજની આદત મુજબ એનો દારૂ અને નાસ્તો લઇ બેસી ગયો. બધા જ દ્રશ્યો એની સામે તરવરતા હતા.

એ અને એના ભાઇ બહેન નાના હતા ત્યારે એમના પિતાજી ની નોકરી પણ આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠિત કંપનીમાં નોકરી કરતા હતા. તે કોઇ એક વિભાગના વડા હતા અને એમના સ્વભાવને કારણે એમના હાથ નીચેના સ્ટાફ ના સભ્યો અને સૌ કોઇ ખુશ હતા.એ ઉપરાંત સમાજમાં સારું સન્માનનીય નામ સ્થાન ધરાવતા હતા. બાળકોમાં સંસ્કાર સિંચન સાથે ભણતર બાબતે પણ બહુ જ ધ્યાન પિતાજી આપતા હતા. બાળપણ બહુ સરસ વીત્યું , ત્રણેય ભાઇ બહેન ભણ્યા સરસ અને દર્શનને સારી સરકારી નોકરી મળી ગઇ બહેન ભણતી હતી અને નાનો ભાઇ ભણવા સાથે જુદી પ્રવૃત્તિઓ કરતો હતો. ત્રણેય બાળકોના સ્વભાવ પિતાજી કરતા જુદા પડે. હા નાના ભાઇનું થોડું ખરું કે બધા સાથે પ્રમાણસર સંબંધ રાખે, કોઇ સાથે બગાડે નહિ પણ ન ફાવે એની સાથે અંતર રાખે. ગુસ્સો ન કરે પણ કુનેહથી કામ કરી લે. બહેન પિતા જેટલી જ લાગણીશીલ. દર્શન બધાથી વિપરિત, ધાર્યું કરે, ગુસ્સો નાકના ટેરવા.ગમે તેને ગમે તેમ કહી દે. એના પિતાજી એને ઘણી વાર કહેતા કે આટલો ગુસ્સો નહિ કર , તને જ નડશે , તારી તબિયતને અસર કરશે. ક્યારેક તારા પરિવારમાં તકલીફ કરશે . પણ આ દર્શન માને તો ને? એકાઉન્ટ માં એના જેવું કોઇ નહિ એવી માસ્ટરી. એ ઓફિસમાં પણ આખા દિવસની આવક જાવક નો તાળો ઝડપથી મેળવી ગોઠવી દે. રોકડના હિસાબો ગજબ ત્વરાએ કરી નાખે. કામ માં કે પૈસામાં સહજ પણ ચોરી નહિ. નિયત સાફ પણ સ્વભાવ ગંદો તુમાખી.એના સાહેબ પણ હિસાબમાં ગોટે ચડે તો દર્શનની મદદ લે અને દર્શન કાચી સેકન્ડ માં ગોઠવી દે.

એનું જ તો એને અભિમાન. એના લગ્ન થયા પછી પણ પત્ની પર દાદાગીરી કરે, એ પત્ની સાથે દાસી જેવો વહેવાર કરે. એના પિતાજી ગુજરી ગયા પછી. આ દર્શનને એ કંપનીએ પિતાજીની જગ્યા સંભાળવા કહ્યું અને દર્શને સરસ મજાની સરકારી નોકરી છોડી ત્યાં જોડાઇ ગયો. ઘણાંએ સમજાવ્યો કે તું આ ભૂલ કરે છે. આ તો દર્શન અભિમાન તુમાખી થી ભરેલો. એ માણસે પત્ની ને કોઇ દિવસ એમ નથી કહ્યું કે તને બહાર લઇ જાઉં. ચાલ રેસ્ટોરન્ટમાં જઇએ કે ફિલ્મ જોવા જઇએ. એની પત્ની ઇલા ઘરમાં ને ઘરમાં. હવે તો પિતાજી પણ નહોતા એટલે દર્શનનો રોફ વધી ગયો. માં બેઠા હતા પણ એનું તો સાંભળે નહિ. દર્શન એની આવડતના ગુમાનમાં દારૂ પીતો થઇ ગયો. ઘરમાં માં બેઠી હતી એટલે ઘરમાં તો પાઇ નહિ પણ ઓફિસેથી છૂટી પી ને આવે. આ સ્વભાવને કારણે એ કંપનીની નોકરી છૂટી ગઇ. બીજી અલગ અલગ કંપનીમાં નોકરી કરી પણ ક્યાંય ટક્યો નહિ. કારણ આવડતનું અભિમાન અને ગુસ્સો. માં ના ગુજરી ગયા પછી તો ઘરમાં લઇને આવે અને પીવે . હવે તો બાળકો થયા ,બે દીકરાઓ એ લોકો પણ જોતા કે બાપ માં ઉપર કેવો ગુસ્સો રુઆબ કરે છે. પણ માં ઇલા પોતાના બન્ને દીકરાઓને સારા સંસ્કાર અને વહેવાર શીખવતા હતા. બન્ને દીકરા ને માં માટે માન પિતા પર ગુસ્સો. દર્શન રોજ સાંજે આવે ગ્લાસ બનાવી બેસે અને પત્ની પર રાડો શરુ. દર્શનને સ્વભાવને કારણે નોકરી નહોતી એટલે ઇલા ટિફિન કરતી અને પૈસા કમાઇ ઘર ચલાવતી દીકરાઓ ની ફી ભરતી. એ તો નાના ભાઇએ એના એક મિત્ર ને ભલામણ કરી કે મારા મોટાભાઇને નોકરીએ રાખો તારું એકાઉન્ટ સારું સંભાળશે. એ તો બધાને ખબર કે એકાઉન્ટમાં આના જેવું કોઇ માસ્ટર માઇન્ડ નથી. એટલું સારું થયું કે ત્યાં ટકી રહ્યો. એમ કરતા મોટા દીકરાના લગ્ન થયા. મોટા દીકરાએ અને બીજા હિતેચ્છુએ સલાહ પણ આપેલી કે હવે તું સસરા થયો , તારા ઘરમાં પુત્રવધૂ આવી સુધરી જા. થોડો વખત સારું ચાલ્યું અને એક દિવસ સાંજે કાંઇક થયું હશે કે પીતા પીતા પત્ની ઇલાનો ચોટલો ખેંચી તમાચો માર્યો. પુત્રવધૂએ એ જ વખતે સસરાને ખખડાવ્યા કે મમ્મી ને કાંઇ નહિ કહેવાનું. અને હાથ તો નહિ જ ઉપાડવાનો , ફરિયાદ કરી દઇશ તો અંદર થઇ જશો. નાના દીકરાને તો નામથી બોલાવે જ નહિ ગધેડો અને કૂતરો કહે. હવે પૌત્ર નો જન્મ થયો એટલે થોડો સુધર્યો , સાંજે આવીને પૌત્ર સાથે રમે, એને નીચે બગીચામાં રમવા લઇ જાય વગેરે કર્યા કરે. હવે એ પૌત્ર શાલીન દાદાની રાહ જોતો હોય, દાદા આવે એટલે દોડી વળગી પડે બાળક સાથે રમી ને આવે પછી પીવા બેસે. , હવે તો એ નાનું બાળક પણ જોતો હતો કે દાદા દાદી પર રાડો પાડે છે. સવારે એ સ્કૂલે જતો હોય અને દાદા ઉઠીને બૂમ પાડે કે ઇલા મારી ચ્હા લાવો. એ કહે કે દાદુ બૂમો કેમ પાડો છો. દાદુ કાંઇ ન બોલે.

આ બધું દિવસે દિવસે વધવા માંડ્યું. હવે પૌત્ર દૂર રહેવા માંડ્યો દાદુને બોલાવે નહિ. હા એ દાદી પર જુલમ કરે તો ઉભો થઇ કહે દાદુ નહિ. હવે તો મોટો દીકરો બહુ સારી ઊંચા હોદ્દા ની નોકરી પર હતો. એ નમ્રતા થી કહેતો પપ્પા ને કે મુંબઇમાં ઘણા લોકો નોકરીએથી આવી બે પેગ પી જમીને શાંતિથી પરિવાર સાથે મોજ કરી સુઇ જતા હોય છે પણ તમે જે રીતે કરો છો એ સારું નથી લાગતું , હવે અમે મમ્મી ને લઇ બીજે રહેવા ચાલ્યા જઇશું. ત્યારે દર્શન કહે આ મારું ઘર છે. અહીં હું કહીશ એમ જ થશે. પુત્રવધૂએ પણ કહ્યું કે તમારું ઘર હોય તો રાખજો અમે મમ્મી ને લઇ ચાલ્યા જાશું. દર્શન કહેતો કે તમારે જવું હોય તો જાવ ઇલા જો જવાની વાત કરશે તો ઝાપટ મારીશ. આ કૂતરાને(નાનો દીકરો) કાઢો અહીંથી મોટો કહે કે એ મારો ભાઇ છે , હમણાં નોકરી એને નથી , મળી જશે અને નહિ મળે ત્યાં સુધી હું સાચવીશ. તમારે અવાજ કરવાની કોઇ જૂર નથી.

મોટો દીકરો પુત્રવધૂ, પૌત્ર અને નાનો દીકરો એક થઇ ગયેલા. નાનો તો ગાળો ખાઇ પાકી ગયો હતો. એક દિવસ અચાનક સવારે દર્શન ઉઠ્યો અને બોલ્યો ઇલા ચ્હા લાવ અને એણે કોઇક માણસ સામાન પેક કરતા હતા. એણે પૂછ્યું કે આ શું છે? મોટો દીકરો કહે સામાન પેક થાય છે. અહીં અંધેરીમાં મને કંપની એ ફ્લેટ આપ્યો છે અમે ત્યાં રહીશું મમ્મી સાથે. દર્શન બે ઘડી સ્તબ્ધ થઇ ગયો એને એમ લાગ્યું કે આ બધા નાટક કરે છે કોઇ નથી થવાનું. એ દિવસે સાંજે દર્શન નોકરીએથી આવ્યો ત્યારે જોયું કે બધું ફર્નિચર એમ જ છે, કોઇ ક્યાંય જવાનું નથી. એ રાત્રે પણ એણે ગુસ્સો કર્યો, ગમે તેમ બોલ્યો , સવારે ઉઠાય ત્યારે બધા તૈયાર હતા . ઇલાએ દર્શનને ચ્હા નાસ્તો આપ્યા. દીકરો પુત્રવધૂ પૌત્ર એ આવીને દર્શન ને પગે લાગ્યા અને પુત્રવધૂએ કહ્યું કે સરલાબેન રસોઇ કરવા આવે છે એ આવશે જ. સવાર સાંજ. કાળથી એ વહેલા આવશે તમને ચ્હા બનાવી આપવા. દર્શને ઇલા સામે જોયું અને પૂછ્યું તું પણ જઇશ? ઇલા એ કહ્યું કે મેં બહુ માર ખાધો, બહુ મહેણાં ટોણા સાંભળ્યા હવે શાંતિથી જીવવું છે, મને આ દીકરો વહુ બેટા રાખશે. આ ઘર તમારું છે અહીંથી કોઇ વસ્તુ લીધી નથી. કપડા અને આ વહુ બેટા જે કબાટ વાસણ ફર્નિચર લાવી હતી એ બધું લીધું છે. તબિયત સાચવજો. દર્શનને બોલવાની કોઇ જગ્યા નહોતી. ઇલા ભલે ચાલવા લાગી પણ એની આંખો આંસુથી છલકતી હતી. પુત્રવધૂએ કારમાં બેઠા ત્યારે ભેટી ને કહ્યું કે મમ્મી બધું છોડો હવે જિંદગી જીવો. પપ્પા ને જ્ઞાન આવશે અને એ ઠેકાણે આવશે.

દર્શને આ વિચારોથી બહાર આવ્યો અને સામે પડેલો ગ્લાસ બોટલ અને નાસ્તો અંદર મૂકી આવ્યો અને બેસી રહ્યો , સરલાબેન રસોઇ કરવા આવ્યા ત્યારે જોયું કે દર્શન સાહેબ શાંતિથી બેઠા છે. પીતા નથી. એમણે રસોઇ કરી પૂછ્યું કે સાહેબ પછી જમી લેશો ને , દર્શને કહ્યું કે ના. આપી દો. આંખમાં આંસુ સાથે જમવા લાગ્યો સરલાબેન પણ આંખમાં આંસુ સાથે વિચારતા હતા કે આવું ડહાપણ પહેલા આવ્યું હોત તો? એ પછી શું થયું ખબર નથી.

હરેશ ભટ્ટ
સંવેદના
Samvedna@nobatsangat.com

શિયાળ અને દૂધવાળો

એક વારની વાત છે. એક શિયાળ ઘાસના ખેતરોમાં ફરતો હતો. ભુખ્યો અને તરસ્યો હતો. એ કશુંક ખાવા માટે શોધી રહ્યો હતો. ત્યારે એને એક દૂધવાળો દેખાયો. તે પોતાના માટલામાં દૂધ લઇને જઇ રહ્યો હતો.

શિયાળે વિચાર્યુ, "જો હું કોઇ રીતે આ દૂધવાળાનું દૂધ મેળવી શકું, તો મને આજના દિવસે મજા આવી જશે!"

તે તુરંત દૂધવાળાને કહેવા લાગ્યો, "ભાઇ, તું એટલો સારો માણસ છે. તું ગરીબોને દૂધ આપે છે. હું પણ બહુ ભુખ્યો છું. મને થોડીક દૂધ આપીશ?"

દૂધવાળાને દયા આવી. તેણે કહ્યું, "હા, પણ તું શિયાળ છે. તું મને છેતરતો તો નહિ ને?"

શિયાળે મીઠી મીઠી વાતો કરી. દૂધવાળાએ એને થોડી દૂધ આપ્યું. શિયાળે મજા માણી અને પછી વિચાર્યું, "હવે હું ફરી આવી રીતે લોકોને છેતી કરીશ."

થોડા દિવસ પછી, શિયાળે ફરી દૂધવાળાને મળ્યું અને ફરીથી દૂધ માંગી. પણ આ વખતે, દૂધવાળાને શિયાળની ચાલાકી સમજાઇ ગઇ.

એણે શિયાળને કહ્યું, "મિત્ર, એક વાર તો હું તને દૂધ આપી દીધું, પણ હંમેશાં લોકોની દયા લઇ છેતરવું યોગ્ય નથી. મહેનત કર અને પોતાનો ખોરાક શોધ."

શિયાળ શરમાઇ ગયો અને એણે નક્કી કર્યું કે હવે તે મહેનત કરી પોતાનું ખોરાક શોધશે.

પાઠ: આ વાર્તાથી આપણને શીખ મળે છે કે ચતુરાઇ સારી છે, પણ શ્રમ અને ઇમાનદારી જ સફળતાનો સાચો રસ્તો છે.

બાળવાર્તા

રંગ પૂરો

(પ્રકરણ : ૬)

'તું ડીંગ-ડોંગ ! ડીંગ-ડોંગ ! ! ડીંગ-ડોંગ ! ! ડોરબેલ વાગી ઊઠી અને જિગરના માથે સવાર થયેલી અદૃશ્ય શક્તિ શીના બોલી ઊઠી કે, ''જિગર ! બહાર પોલીસ આવી છે ! વિશાલના ખૂનીને શોધવા માટે ! ! ઊભો થા અને દરવાજો ખોલ!!'

એટલે જિગર પોતાની જગ્યા પર સજ્જડ-બંબ થઇ ગયો. તેની નજર સામે સબ ઇન્સ્પેક્ટર બાજવાનો પ્રભાવશાળી ચહેરો તરવરી ઊઠ્યો.'મેં પ્રેસ અને ટી. વી.વાળાઓ સામે કહેલું ને કે, હું ખૂનીને વહેલી તકે પકડી લઇશ! જો, મેં તને પકડી લીધો ને !' કહેતાં સબ ઇન્સ્પેક્ટર બાજવા તેને ઢસડીને ઘરની બહાર ખેંચી જતો હોય એવું દિલ કંપાવનારું દૃશ્ય તેની નજર સામેથી પસાર થઇ ગયું, ત્યાં જ અત્યારે ફરી તેના કાને ડોરબેલનો અવાજ સંભળાયો, ડીંગ-ડોંગ! ડીંગ-ડોંગ ! ડીંગ-ડોંગ!

આ વખતે વધુ ઉતાવળે ડોરબેલ વાગી હતી.

'જલદી દરવાજો ખોલ, જિગર!' જિગરના માથેથી અદૃશ્ય શક્તિ શીનાનો અવાજ સંભળાયો : '...નહિતર સબ ઇન્સ્પેક્ટર બાજવા દરવાજો તોડીને પણ અંદર આવશે!'

જિગરે છાતીમાં એક ઊંડો શ્વાસ ભર્યો. દરવાજો ખોલ્યા વિના છૂટકો નહોતો. તે પરાણે ઊભો થયો. 'તેણે આમ હિંમત હારી જવાની જરૂર નથી. તેણે હિંમત રાખવાની જરૂર છે. અદૃશ્ય શક્તિ શીના ભલે ગમે તે કહેતી હોય અને તેના મોબાઇલ ફોનમાં ભલે તે વિશાલનું ખૂન કરતો હોય એવું રેકોર્ડિંગ થયેલું હોય પણ તે નિર્દોષ છે, એ એક હકીકત છે ! તે સબ ઇન્સ્પેક્ટર બાજવાને સમજાવવાનો પ્રયત્ન કરશે !' વિચારતાં તેણે વળી એક ઊંડો શ્વાસ લીધો અને દરવાજાની સ્ટોપર ખોલીને દરવાજા ખોલ્યો.

સામે....

....સામે સબ ઇન્સ્પેક્ટર બાજવા ઊભો નહોતો.

-સામે માહી ઊભી હતી. માહીના ચહેરા પર ગભરાટ લિંપાયેલો હતો.

'જિગર !' તેને હાથથી બાજુ પર હડસેલતાં માહી અંદર દાખલ થઇ ગઇ : 'જલદી દરવાજો બંધ કર.'

જિગર દરવાજો બંધ કરીને માહી તરફ ફર્યો.

'...ગજબ થઇ ગયો !' કંપતા અવાજે બોલતાં માહી સોફા પર બેસી પડી : 'તને...તને વિશાલ વિશે ખબર પડી ? !'

'હ...હ...હા !' જિગરે કહ્યું : 'મેં...મેં હમણાં થોડીક વાર પહેલાં જ છાપામાં વાંચ્યું.'

'મારે ત્યાં તો વહેલી સવારે પોલીસ આવી હતી, ત્યારે જ મને ખબર પડી ગઇ હતી !' માહી થરથરતી હતી : '...છેલ્લે, ગઇકાલે સાંજે મને વિશાલે નેચર ગાર્ડન પર મળવા માટે બોલાવી, ત્યારે તેણે મને મોબાઇલ ફોન કર્યો હતો અને એટલે એના મોબાઇલ ફોન પરના મારા છેલ્લો નંબર જોઇને પોલીસ મારા સુધી પહોંચી હતી. પોલીસે મને પૂછપરછ કરી હતી, એટલે મેં કબૂલી લીધું હતું કે, ''હું છેલ્લે નેચર ગાર્ડનમાં વિશાલને મળી હતી અને પછી ત્યાંથી નીકળી ગઇ હતી.'' માહી એકીશ્વાસે બોલી રહી હતી : ''પોલીસે મને એવી પૂછપરછ કરી હતી કે, ત્યાં અમારી બીજા કોઇની સાથે વાતચીત કે મુલાકાત થઇ હતી?!'' એટલે મેં ના પાડી હતી. તું મારી પાસે આવ્યો હતો અને આપણી વચ્ચે વાતચીત થઇ હતી એ વાત મેં પોલીસથી છુપાવી લીધી. મને બીક લાગી કે, પહેલાં આપણી વચ્ચે પ્રેમસંબંધ હતો એ વાત જો પોલીસ જાણશે અને તેં જ વિશાલ પાસેથી મને પાછી પામવા માટે વિશાલને મારી નાંખ્યો છે, એવી શંકા કરશે તો....'

'...આ તેં સારું કર્યું !' એક તો સબ ઇન્સ્પેક્ટર બાજવા આવ્યો નહોતો, પણ માહી આવી હતી અને વળી માહીએ પોલીસ પૂછપરછમાં તેની સાથેની મુલાકાતની વાત છુપાવી લીધી હતી એ વાતની જિગરે રાહત અનુભવી.

'હા, પણ જિગર!' માહી એ રીતના જ ગભરાટભર્યા અવાજે બોલી: 'મને ડર છે કે, પોલીસ પોતાની તપાસ ચાલુ રાખશે અને એમાં ક્યાંક જો કોઇએ તને મારી સાથે જોયો હશે અને એ તારા વિશે પોલીસને કહી દેશે તો ? !'

'...તો...?!' અને જિગર પગથી માથા સુધી કાંપી ઊઠ્યો.

'...તો મારું કહેવું છે કે, તું દિલ્હી છોડીને મુંબઇ રહેવા માટે ચાલ્યો જા.'

'પણ..પણ !' જિગર બોલી ઊઠ્યો : 'આ કેવી રીતના બની શકે ? ! રાતોરાત એક શહેર છોડીને બીજા શહેરમાં આમ વસવા માટે દોડી જવું એ કંઇ રમત વાત....'

'તું...,' માહી તેની વાતને કાપી નાંખતા બોલી : '....તું મને ચાહે છે ને, જિગર ? !'

'લે, આ પણ કંઇ પૂછવાની વાત છે, માહી ? !'

'બસ તો પછી...,' માહી બોલી : 'હું કહું છું એમ કર. મારું મન કહે છે કે, તું આ શહેર છોડીને ચાલ્યો જાય એમાં જ તારી ભલાઇ છે.'

જિગર માહી તરફ જોઇ રહ્યો. આ વિશે વિચારી રહ્યો.

'જિગર !' માહી બોલી : 'વધુ વિચાર ન કર. એકવાર અહીં વિશાલનો ખૂનકેસ ઠંડો પડશે એટલે પછી હું તારી પાસે મુંબઇ આવીશ !'

'સાચે જ !'

'હા !' માહી બોલી : 'અને...અને હું તારી સાથે લગ્ન કરીશ !'

'તું..તું મારી સાથે લગ્ન કરીશ ? !' જિગર બોલી ઊઠ્યો : '...પણ તારા પપ્પા....!'

'....એ વખતે આપણે બધું જોઇ લઇશું.' માહી બોલી : '....પણ અત્યારે તું મને એ વાયદો કર કે, તું વહેલી તકે આ શહેર છોડીને મુંબઇ ચાલ્યો જઇશ.'

'ઠીક છે.' જિગરે માહીની વાત કબૂલ કરી.

'થેન્કયૂ !' માહી સોફા પરથી ઊભી થઇ : 'ચાલ, હું જાઉં છું !' અને માહી દરવાજા તરફ આગળ વધી ગઇ.

'બસ, માહી ! તું જાય છે ? !' જિગર પ્રેમભીના અવાજે બોલ્યો.

માહી ઊભી રહી ગઇ. તે જિગર તરફ ફરી. તે ઘડીભર જિગર સામે જોઇ રહી અને પછી પાછી દોડી આવીને જિગરને વળગી પડી, ધ્રુસકે-ધ્રુસકે રડી પડી.

જિગરની આંખો પણ ભરાઇ આવી. 'માહી !' જિગરનો અવાજ ગળગળો થઇ ગયો : 'આપણે બન્ને પહેલાં જ એક થઇ શક્યાં હોત, જો હું પૈસાદાર હોત !'

'...મને પૈસા નહિ તું જોઇએ, જિગર !' માહી રડતાં-રડતાં જ બોલી અને જિગરથી અળગી થઇ.

'ચાલ હું નીકળું છું.' માહીએ પોતાના આંસુ લૂછ્યા : 'વહેલી તકે તું અહીંથી નીકળી જજે. તું મને ફોન ન કરીશ. અહીં બધું થાળે પડશે એટલે હું જ તને સામેથી ફોન કરીશ.' અને આટલું કહેતાં જ માહી ઝડપી ચાલે મેઇન દરવાજાની બહાર નીકળી ગઇ.

જિગરે દરવાજો બંધ કર્યો અને પોતાના માથે સવાર થયેલી અદૃશ્ય શક્તિ શીના સાથે વાત કરી :' શીના ! તું તો કહેતી હતી ને કે, વિશાલના ખૂનીને શોધવા માટે સબ ઇન્સ્પેક્ટર બાજવા આવી પહોંચ્યો છે ?'

'હું તો તારી સાથે મજાક કરતી હતી, જિગર !' શીનાનો હસતો અવાજ સંભળાયો.

'આવી મજાક કરાતી હશે ? !' જિગર સોફા પર ફસડાયો : 'મારો તો જીવ જ નીકળી જાત.., પણ...' જિગરે પૂછ્યું : 'મને નેચર ગાર્ડનમાં ચક્કર જેવું લાગ્યું હતું અને મારી આંખ સામે અંધારાં છવાયાં હતાં એ પછી મને શું



બન્યું હતું એની કંઇ જ ખબર નથી. પછી હું વિશાલનું ખૂન કેવી રીતના કરી શકું ? અને....અને હું વિશાલનું ખૂન કરું છું એવું મારા મોબાઇલ ફોનમાં રેકોર્ડિંગ કેવી રીતના થયું ? !'

'...એ જ તો મારી કમાલ છે, જિગર !' જિગરના માથા પરથી શીનાનો હસતો અવાજ સંભળાયો : '...પણ ખેર, અત્યારે હવે આ કેમ થયું ? અને પેલું કેમ થયું ? એની વાતો અને ચર્ચા કરવાનો સમય નથી. સબ ઇન્સ્પેક્ટર બાજવા મેનેજર ધવન અને વિશાલના ખૂનીને શોધી કાઢવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યો છે. એવામાં તારું અહીં રહેવું એ જોખમી છે. તારે શહેર છોડીને ચાલ્યા જવું જોઇએ. મને માહીની વાત બરાબર લાગે છે, તારે મુંબઇ ચાલ્યા જવું જોઇએ.'

જિગર થોડીક પળો ચુપ રહ્યો-વિચારી રહ્યો અને પછી બોલ્યો: '...એટલે તું પણ મારી સાથે આવીશ?!'

'...સવાલ જ નથી ને !' તેના માથા પરથી શીનાનો અવાજ સંભળાયો :'તું મને ગમે છે એટલે તો હું તારી પાસે આવી છું. હું તને છોડીને નહિ જાઉં ! અને...' શીનાનો અવાજ આગળ સંભળાયો : '...અને તું પણ તો મને છોડીને નહિ જઇ શકે !'

જિગરે એક નિસાસો નાંખ્યો. શીના તેને ફાયદો કરાવી રહી હતી, પણ શીનાને દર મહિને એક માણસનું લોહી પીવા જોઇતું હતું એ વાત..., એ વાત તેને બેચેન કરનારી હતી.

'જિગર ! તું આડું-આવળું વિચારવાનું બંધ કર, અને ઊભો થા.' જિગરના માથેથી શીનાનો અવાજ સંભળાયો : '...જલદી જરૂરી સામાન પેક કર અને મુંબઇની ટ્રેન પકડ.'

'હા, પણ...,' જિગર ચિંતાભર્યા અવાજે બોલ્યો : '...મુંબઇમાં હું ક્યાં રહીશ ? ! ત્યાં હું શું કરીશ ? !'

'હું છું ને તારી સાથે !' તેના માથા પરથી શીનાનો અવાજ સંભળાયો : 'પછી તારે કોઇ વાતની ચિંતા કરવાની ક્યાં જરૂર છે ? !'

'હં !' કહેતાં જિગર ઊભો થયો અને મુંબઇ જવા માટે જરૂરી સામાન પેક કરવાના કામે લાગ્યો.

૦૦૦

રાતના દસ વાગ્યા હતા. જિગર ટ્રેનના ફર્સ્ટ કલાસના ડબામાં બેઠો હતો.

ડબામાં, પહેલા કમ્પાર્ટમેન્ટમાં એક પતિ-પત્ની પોતાના બે થી દસ વરસના ત્રણ બાળકો સાથે બેઠા હતા. ટી. સી. ટિકિટ ચેક કરીને ગયો એ પછી જિગર એ ફેમિલીની બાજુના કમ્પાર્ટમેન્ટમાંથી ઊઠીને બીજી બાજુના દરવાજા નજીકના કમ્પાર્ટમેન્ટની સીટ પર બેસી ગયો હતો.

ટ્રેન મુંબઇ તરફ દોડી રહી હતી, અને જિગરના મગજમાં એટલી જ ઝડપે વિચારો દોડી રહ્યા હતા.

'અદૃશ્ય શક્તિ શીના તેની જિંદગીમાં આવી એ પછી તેની જિંદગી રાતોરાત પલટાઇ ગઇ હતી. શીનાએ તેને એક મહિનામાં ક્યાંનો ક્યાં પહોંચાડી દીધો હતો. અને શીનાએ તેને કરેલા વાયદા પ્રમાણે માહી તેની સાથે લગ્ન કરે એવી સ્થિતિ સર્જાઇ હતી.

'જોકે, એમાં માહીના ફિયાન્સ વિશાલનું ખૂન થયું હતું અને એનું લોહી શીનાએ જ પીધું હતું, એ વાતમાં કોઇ શંકા નહોતી.

'શીના દર મહિને એક માણસનું લોહી પીતી હતી એ વાતે જિગરને બેચેન બનાવ્યો હતો. આનો મતલબ શીના ખતરનાક હતી, પણ એ પણ તો એક હકીકત હતી કે હજુ સુધી શીનાએ તેને કોઇ નુકસાન પહોંચાડ્યું નહોતું. શીનાએ તેને ફાયદો જ કરાવી આપ્યો હતો.

'શીના હકીકતમાં કોણ હતી?! એ એક અલા-બલા-પિશાચિની હતી? અસલમાં એ કેવી લાગતી હશે?! શું અંગ્રેજી ફિલ્મોમાં જોવા મળે છે, એવી એ ભયાનક હશે? શું એનો ચહેરો કદરૂપો હશે?! એના દાંત લાંબા ને મોઢાની બહાર નીકળી આવેલા હશે?! એના હાથના નખ લાંબા અને અણીદાર હશે?!'

'જિગર!' જિગરના માથેથી શીનાનો અવાજ સંભળાયો: 'શું વિચારમાં પડી ગયો છે?!'

'મને એવો વિચાર આવ્યો કે, તું કેવી લાગતી હશે?!' જિગરે કહ્યું.

શીનાનો હસવાનો અવાજ સંભળાયો : 'પછી તેં અનુમાન કર્યું કે, હું કેવી લાગતી હોઇશ?!'

જિગરે કોઇ જવાબ આપ્યો નહિ.

'સાચું કહે, તારા મગજમાં એવો વિચાર આવ્યો ને કે, હું ખૂબ જ ભયાનક લાગતી હોઇશ !'

જિગરે શીનાના આ સવાલનો જવાબ ખાઇ જતાં સવાલ કર્યો : 'શીના ! હું તારો અવાજ સાંભળી શકું છું એમ શું હું તને જોઇ ન શકું ?'

'જિગર!' શીનાનો હસવાનો અવાજ સંભળાયો, 'શું તારે ખરેખર મને જોવી છે ?!'

'હા!' જિગરનું હૃદય ધડકી ઊઠ્યું.

'...તો તારી આંખો બંધ કર, અને....' શીનાનો અવાજ આવ્યો : '....કલ્પનાની આંખે મને જો.'

જિગરે આંખો મીંચી અને એ સાથે જ તેની બંધ આંખો સામે તેના માથા પર સવાર થયેલી શીના તરવરી ઊઠી. તેણે ધારી હતી એના કરતાં શીના એકદમ જુદી જ દેખાતી હતી. શીના ભયાનક નહિ, પણ બલાની ખૂબસૂરત દેખાતી હતી. શીના લાંબી-પાતળી હતી. એનો ચહેરો ગોળ હતો અને આંખો મોટી-મોટી અને માંજરી હતી. એના કાળા અને રેશમી વાળ ખૂબ જ લાંબા હતા. એ પોતાના લાલ હોઠ વંકાવીને મુસ્કુરાઇ રહી હતી.

'બોલ, જિગર!' શીનાએ જિગરને પૂછ્યું : 'હું કેવી લાગું છું ?!'

'તું કોઇ પ્રેતાત્મા કે અલાબલા જેવી બિલકુલ લાગતી નથી.' જિગરે કહ્યું.

શીના ખિલખિલ હસી પડી, ત્યાં જ ટ્રેન ધીમી પડી.

જિગરે આંખો ખોલી અને બારી બહાર નજર નાંખી. કોઇ સ્ટેશન આવ્યું હતું. ટ્રેન ઊભી રહી. ચોથી પળે જ તેના ડબાનો દરવાજો ખોલીને એક ઊંચો-તગડો યુવાન અંદર આવ્યો અને તેની બાજુના કમ્પાર્ટમેન્ટમાં ચાલ્યો ગયો.

ટ્રેન પાછી ઊપડી અને પાછી પોતાની સ્પીડ પકડી, એ સાથે જ જિગરના કાને શીનાનો અવાજ સંભળાયો : 'જિગર !'

જિગરે આંખો મીંચી અને કલ્પનાની આંખે જોયું તો શીના તેને બાજુના કમ્પાર્ટમેન્ટ તરફ આંગળી ચીંધતાં કહી રહી હતી : 'હમણાં સ્ટેશન પરથી ચઢીને બાજુના કમ્પાર્ટમેન્ટમાં જે યુવાન ગયો ને, એને તેં જોયો ને ? !'

'હા !' જિગરે કહ્યું.

'મને એ ગમી ગયો છે !' શીના હસી : 'એ હમણાં બાથરૂમ જવા માટે ઊભો થાય અને દરવાજા પાસે પહોંચે એટલે તું એને ધક્કો મારીને ચાલુ ટ્રેને બહાર ફેંકી દેજે. હું એનું લોહી પીને પાછી તારા માથા પર આવી જઇશ.'

'ના !' બોલી ઊઠવાની સાથે જ જિગરે પોતાની આંખો ખોલી નાંખી : 'હું...હું આ કામ નહિ કરું. હજુ...હજુ ગઇકાલે રાતના જ તો તેં વિશાલનું ખૂન કરીને એનું લોહી પીધું છે. અને...અને તું તો કહેતી હતી કે, તારે મહિનામાં એકવાર માણસના લોહીની જરૂર પડે છે, પછી....'

'હા, પણ મેં કહ્યું ને કે, મને આ યુવાન ગમી ગયો છે. મને લાગે છે કે, આનું લોહી ખૂબ જ મજેદાર હશે. વળી પાછું મને આવું મજેદાર લોહી પીવા મળે કે ન મળે ?!' જિગરના માથેથી શીનાનો અવાજ સંભળાયો : ' ...એવું હશે તો હું આવતા મહિને લોહી પીવા માટે તારી પાસે કોઇ માણસને ખતમ નહિ કરાવું, બસ !'

'ના !' જિગર મક્કમ અવાજે બોલી ઊઠ્યો : 'હું આ કામ નહિ કરું!' અને જિગર ઊભો થયો. એક નિર્દોષ યુવાનને ચાલુ ટ્રેને બહાર ફેંકી દેવાની શીનાની વાતથી જિગર બેચેન થઇ ઊઠ્યો હતો. એરકન્ડીશન્ડ ડબો હોવા છતાંય બેચેનીને કારણે તેના ચહેરા પર પરસેવો નીતરી આવ્યો હતો. તે ડબાના દરવાજા પાસે પહોંચ્યો. તેણે દરવાજો ખોલ્યો, એ સાથે જ પવન અંદર આવવા માંડ્યો. ટ્રેન રમરમાટ દોડી રહી હતી. જિગરે એક ઊંડો શ્વાસ લીધો અને તાજી હવા ફેફસામાં ભરી, ત્યાં જ તેની પાસેથી પેલો યુવાન પસાર થયો અને બાથરૂમમાં દાખલ થઇ ગયો.

'જિગર !' જિગરના માથેથી શીનાનો ઉતાવળિયો અવાજ સંભળાયો : 'હું હવે તારા માથેથી ઊતરીને જાઉં છું. હમણાં એ યુવાન બાથરૂમમાંથી બહાર નીકળે એટલે તુરત જ એને બહાર ધક્કો મારી દેજે.'

'મેં તને ના પાડી ને કે, હું એને બહાર નહિ ફેંકું !' જિગર બોલી ઊઠ્યો.

'આમ તું ના પાડીશ એ હરગિઝ નહિ ચાલે.' શીનાનો ધારદાર અવાજ સંભળાયો : 'તારે મેં કહ્યું એમ કરવું જ પડશે !'

'ના-ના-ના ! હું હરગિઝ નહિ કરું !' જિગર મક્કમ અવાજે બોલી ઊઠ્યો : 'જા..., તારાથી.... તારાથી થાય એ કરી લે !'

'એમ..., તો લે, જો !' શીનાનો ગુસ્સાભર્યો અવાજ સંભળાયો અને એ સાથે જ જાણે જિગરને બે અદૃશ્ય હાથોએ પકડીને અધ્ધર ઉઠાવ્યો અને પવનવેગે દોડી રહેલી ટ્રેનની બહાર ફેંકી દીધો.......

(ક્રમશઃ)

એચ. એન. ગોલીબાર

પિશાચિની